COMM.EXECUTION NO.03/2024

## :: આંક–૧ લગત હુકમ ::

સદરહુ દરખાસ્ત વર્ષ – ૨૦૨૪ માં દાખલ કરવામાં આવેલ છે. સદરહુ દરખાસ્ત ના કામે દરખાસ્તદારના વિ.વ.શ્રી દવારા તા.૩૦–૦૭–૨૦૨૫ ના રોજ આ કામના સામાવાળાનું નવું સરનામું રજુ કરવામાં આવેલ છે, પરંતુ ત્યારબાદ આગળની કાર્યવાહી માટે દરખાસ્તદાર કે દરખાસ્તદારના વિ.વ.શ્રી ઠરાવ તારીખે હાજર રહેલ નથી. આજ રોજ પણ પોકાર કરાવતા દરખાસ્તદાર કે દરખાસ્તદારના વિ.વ.શ્રી હાજર નથી કે કોઈ રીપોર્ટ નથી કે તેઓ તરફે કોઈ રજુઆત નથી. સદરહુ કામે આગળની કાર્યવાહી માટે દરખાસ્તદારને અવાર નવાર યોગ્ય અને પુરતી તક આપવામાં આવેલ છે, તેમ છતા દરખાસ્તદાર દવારા આગળની કાર્યવાહી કરવામાં આવેલ નથી. આમ, આ કામના દરખાસ્તદાર અને દરખાસ્તદારના વિ.વ.શ્રી ની ગેરહાજરી ધ્યાને લેતા આ કામના દરખાસ્તદાર ને હાલની દરખાસ્તની કાર્યવાહી આગળ ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી, તેથી દરખાસ્તદાર અને દરખાસ્તદારના વિ.વ.શ્રીની ગેરહાજરીમાં સદરહુ દરખાસ્ત ડિસ્મીસ ફોર ડિફોલ્ટ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ :: ૧૧ મી, માહે :: માર્ચ, સને :: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :: ૧૧/૦૩/૨૦૨૬ | વંદના લલિતચંદ્ર પરદેશી |
| સ્થળ :: કઠોર | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, કઠોર |
| | GJ01013 |